# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૯-B તા.૨૧-૦૧-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :- ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા જાગૃતિ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા તથા નિબંધ સ્પર્ધા યોજવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, આપણું શહેર દેશનું પહેલું હેરીટેજ શહેર છે. આપણા ભવ્ય સાંસ્કૃતિક અને હેરીટેજ વારસાની સુવાસ આખી દુનિયામાં છે જેનું આપણ સૌને ગૌરવ છે. આવું જ બીજું ગૌરવ મેળવવાની ખૂબ જ નજદીક આપણે સૌ છીએ.આ ગૌરવ છે ''આપણું અમદાવાદ દેશનું સ્વચ્છ શહેર'' આપણા સૌના યોગદાનથી સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦માં આપણે પ્રથમ નંબરે આવી શકીએ તેમ છે. સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૦માં સૌ વિદ્યાર્થીઓ અને વાલીગણને માન.મ્યુનિસિપલ કમિશનરશ્રીએ બ્રોસર દ્વારા આપણા શહેર માટે ગુણાંકન કરવા માટે નમ્ર અપીલ કરેલ છે.આપ સૌ તે અનુસંધાને મહત્તમ વાલીઓને આ સર્વેક્ષણમાં હકારાત્મક રીતે જોડવાનું કામ કરી રહ્યા છો, તે બદલ આપ સૌને અભિનંદન. હજુ આ કાર્યને વધારે સઘન કરીએ.

બાળકોમાં સ્વચ્છતાનો ગુણ નાનપણથી જ વિકસે તે ખૂબ જ જરૂરી છે તેમજ વિદ્યાર્થીઓના ભાષાકૌશલ્ય વિકાસ માટે સહ અભ્યાસિક પ્રવૃત્તિના ભાગરૂપે શાળાથી શહેર કક્ષા સુધીની સ્વચ્છતા સંબંધી નિબંધ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન નીચે મુજબ કરવામાં આવેલ છે.

| કક્ષા | સ્પર્ધાના સંચાલકશ્રી | તારીખ | સ્થળ | સમય |
|---|---|---|---|---|
| શાળા | જે-તે શાળાના મુખ્ય શિક્ષકશ્રી | ૨૭-૦૧-૨૦૨૦ / સોમવાર | શાળમાં | મુખ્ય શિક્ષકશ્રી નક્કી કરે તે |
| બીટ | જે-તે બીટના સુપરવાઈઝરશ્રી | ૦૩-૦૨-૨૦૨૦ / સોમવાર | સુપરવાઈઝરશ્રી નક્કી કરે તે | |
| ઝોન | જે-તે ઝોનના મદદ.શાસનાધિકારીશ્રી | ૧૦-૦૨-૨૦૨૦ / સોમવાર | મદદનીશ શાસનાધિકારીશ્રી નક્કી કરે તે | |
| શહેર | નાયબ શાસનાધિકારીશ્રી-૨ | ૧૭-૦૨-૨૦૨૦ / સોમવાર | સ્કાઉટ ભવન, ૧૦-૩૦ કલાકે | |

તમારી શાળાના વકતૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા ધો.૬ થી ૮ના દરેક વિદ્યાર્થી માટે નીચે જણાવેલ વિષયો પૈકી કોઈ એક વિષય પસંદ કરી તૈયારી કરાવવાની રહેશે.

❖ **વકતૃત્વ તથા નિબંધ સ્પર્ધાના વિષય :-**

**૧. મારૂ શહેર... સૌથી સ્વચ્છ શહેર**
**૨. સ્વચ્છતા ત્યાં પ્રભૂતા**
**૩. માન. વડાપ્રધાનશ્રીના સ્વપ્નનું 'સ્વચ્છ ભારત'**
**૪. ''સ્વચ્છતા મારો જીવનમંત્ર''**
**૫. મારા શહેરને સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૦માં પ્રથમ નંબર અપાવવા હું શું કરી શકું**

❖ **વકતૃત્વ સ્પર્ધા અંગે વિશેષ સૂચના :-**

- આપની શાળાના ધો.૬ થી ૮ના વધુને વધુ વિદ્યાર્થીઓ શાળા કક્ષાએ ભાગ લે તે માટે પ્રોત્સાહિત કરવા તેમજ માર્ગદર્શન આપવું.
- તમામ સ્પર્ધકોએ પોતાની રજૂઆત ૪ મિનિટમાં ગુજરાતી અથવા હિન્દી ભાષામાં જ કરવાની રહેશે.
- શહેર કક્ષાની વકતૃત્વ સ્પર્ધામાં વિજેતા થનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી જાહેરમાં તેમનું અભિવાદન કરવામાં આવશે.
- વકતૃત્વ સ્પર્ધામાં સ્પર્ધકે પસંદ કરેલ વિષયનું વિષયવસ્તુ અને તેની રજૂઆત, આત્મવિશ્વાસ, ભાષાશુદ્ધિ, મૌલિકતા તથા સમયમર્યાદાને ધ્યાને લેવામાં આવશે.

❖ **નિબંધ સ્પર્ધા અંગે વિશેષ સૂચના :-**

- વિદ્યાર્થીઓએ ઉપરોક્ત વિષયોને અનુલક્ષીને કોઈપણ એક વિષય પસંદ કરીને તેના ઉપર એક કલાકમાં વધુમાં વધુ ૩૦૦ શબ્દોમાં નિબંધ લખવાનો રહેશે.
- નિબંધ ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી પૈકી ગમે તે એક ભાષામાં લખવાનો રહેશે.

શહેર કક્ષાએ વિજેતા થનાર વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવશે જેમાં પ્રથમ વિજેતાને રૂ.૩૧૦૦/-, દ્વિતીય વિજેતાને રૂ.૨૧૦૦/- અને તૃતીય ક્રમે વિજેતા થનાર વિદ્યાર્થીને રૂ.૧૧૦૦/-થી પુરસ્કૃત કરવામાં આવશે.

જે-તે કક્ષાની સ્પર્ધામાં સંચાલકશ્રીએ નિર્ણાયકશ્રીની વ્યવસ્થા કરીને ૫૦ ગુણમાંથી યોગ્ય રીતે ગુણાંકન કરાવીને પ્રથમ આવનાર વિદ્યાર્થીને ત્યાર પછીની કક્ષામાં મોકલી આપવાના રહેશે.

તા.૨૧-૦૧-૨૦૨૦

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૯-C તા.૨૧-૦૧-૨૦૨૦

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય:– સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા અંગેનો સંદેશ અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનની પ્રાથમિક શાળાઓમાં ટોયલેટ બ્લોક પર સ્લોગન પેઈન્ટ કરવા બાબત.**

**સંદર્ભ:– ક્રમાંક: એસએસએ / સિવિલ/૨૦૧૯ /૪૧૯૩૩–૯૯૩ તા: ૨૩/૧૨/૨૦૧૯ ના સ્ટેટ પ્રોજેકટ ઈજનેરશ્રીના પત્ર અન્વયે.**

**આથી તમામ મ્યુનિ.શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે માનવ સંશાધન વિકાસ મંત્રાલયના તા. ૨૧/૧૧/૨૦૧૯ ના પત્રમાં જણાવ્યા મુજબ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા અંગેનો સંદેશ શાળાના વિધાર્થીઓ સુધી પહોચે તે માટે શાળાઓમાં આ સાથે સામેલ પત્રક (૧) મુજબ સંદેશ તેમજ મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિનો લોગો શાળાના નામ સાથે તેમા સામેલ થાય તે રીતે સ્લોગનની સાથે યોગ્ય રીતે આપની શાળાઓમાં ટોયલેટ બ્લોક પર સ્લોગન પેઈન્ટ કરવાના રહેશે.આ અંગેનો ખર્ચ સમગ્ર શિક્ષા અંતર્ગત મંજૂર થયેલ School Composit ગ્રાન્ટના ૧૦% રકમનો ઉપયોગ કરવાનો રહેશે.**

**સદર કામગીરી દિન–૫ માં પૂર્ણ કરી તેનો ફોટોગ્રાફસ ઈ–મેઈલ આઈ.ડી.–swachhataslogan2019@gmail.com ની ગુગલ ડ્રાઈવ પર અપલોડ કરી આપના યુ.આર.સી ને જાણ કરવી તેમજ યુ.આર.સીએ ઝોન મુજબ આ સાથે સામેલ પત્રક (૨) ભરી અત્રેની કચેરીએ જમા કરાવવાના રહેશે.**

**<u>બિડાણ:–</u> (૧) સંદર્ભિત પત્ર**

**(૨) પત્રક–૧ (શાળા કક્ષાએથી લોગો પેઈન્ટ કરાવવા માટેનો નમુમો)**

**(૩)પત્રક–૨ ( યુ.આર.સીએ વિગત ભરવા માટે)**

તા.૨૧-૧-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા

# ગુજરાત શાળા શિક્ષણ પરિષદ

સમગ્ર શિક્ષા,
સેક્ટર નં. ૧૭, ગાંધીનગર – ૩૮૨ ૦૧૭.
ગુજરાત રાજ્ય
ફોન નં. ૦૭૯ – ૨૩૨૩૫૦૬૯, ૨૩૨૩૪૯૩૯
Email: ssamcivilgcpe@gmail.com
Website : www.ssagujarat.org
ફેક્ષ નં. ૨૩૨૩૨૪૩૬, હેલ્પ લાઈન નં: ૧૮૦૦–૨૩૩–૭૯૬૫

ક્રમાંક: એસએસએ/સિવિલ/૨૦૧૯/૪૨૯૩૩-૯૯૩ તારીખ: ૨૩/૧૨/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર
અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રોજેકટ કચેરીઓ,
એસએસએ,
જિ. તમામ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રોજેકટ કચેરીઓ,
એસએસએ,
જિ. તમામ

શાસનાધિકારીશ્રી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ
અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત

**વિષય : સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા અંગેનો સંદેશ રાજયની શાળાઓમાં પેઈન્ટ કરાવવા બાબત.**

શ્રીમાન,

માનવ સંશાધન વિકાસ મંત્રાલયના તા. ૨૧/૧૧/૨૦૧૯ ના પત્રમાં જણાવ્યા મુજબ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા અંગેનો સંદેશ શાળાના વિધાર્થીઓ સુધી પહોંચે તે માટે આપના જિલ્લાઓની શાળાઓમાં આ સાથે સામેલ પત્રક (૧) મુજબ સંદેશ તેમજ મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિનો લોગો પણ તેમાં સામેલ થાય તે રીતે સ્લોગનની સાથે યોગ્ય રીતે શાળાઓમાં/શાળાઓના ટોયલેટ બ્લોક પર પેઈન્ટ કરાવવાના થાય છે. જે અંગેની કાર્યવાહીની વિગતો માનવ સંશાધન વિકાસ મંત્રાલયને મોકલી આપવાની થાય છે. આ અંગેનો ખર્ચ સમગ્ર શિક્ષા અંતર્ગત મંજૂર થયેલ School Composit ગ્રાન્ટ હેઠળ કરવાનો થાય છે. School Composit ગ્રાન્ટમાં સ્વચ્છતા માટે School Composit ગ્રાન્ટના ૧૦% રકમ મંજૂર થયેલ છે.

સદર કામગીરી દિન–૧૫ માં પૂર્ણ કરી અત્રેની કચેરીને આ સાથે સામેલ નિયત પત્રક (૨) તેમજ ફોટોગ્રાફસ ઈ–મેઈલ આઈ.ડી – swachhataslogan2019@gmail.com ની ગુગલ ડ્રાઈવ પર અપલોડ કરવા.

આભાર,

બિડાણ : સંદેશ તેમજ લોગો – પત્રક (૧)
નિયત પત્રક – (૨)

સ્ટેટ પ્રોજેક્ટ ઈજનેર
સમગ્ર શિક્ષા–ગાંધીનગર

નકલ રવાના :

- જિલ્લા પ્રોજેકટ ઈજનેર, જિ. તમામ ને જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

<u>**પત્રક – ૧**</u>

YEARS OF CELEBRATING THE MAHATMA

૧. શૌચાલયનો ઉપયોગ, ભગાવે ગંદકી અને રોગ.

૨. જમ્યા પહેલા, શૌચ પછી, સાબુથી ધોઈએ આપણા હાથ.

૩. શૌચાલયની જાળવણી, આપણા સૌની જવાબદારી.

# પત્રક –૨

## Format for Furnishing information in respect of schools painted with slogan

| District | Total No. of school | No. of schools painted with Swachhata Message | Remarks, if any |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |